# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-09-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## અતિભારે વરસાદની આગાહી : સમીક્ષા બેઠક

**હવામાન વિભાગ દ્વારા આજે અને આવતીકાલે એમ બે દિવસ દરમિયાન રાજ્યના વિવિધ જિલ્લાઓમાં રેડ એલર્ટ તેમજ ઓરેન્જ એલર્ટ જાહેર કરીને અત્યંત ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આગાહીને ધ્યાને લઇ રાજ્યના મુખ્ય સચિવ પંકજ જોષીના અધ્યક્ષ સ્થાને સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગર ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી.**

**બેઠકમાં વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયેલા વિવિધ જિલ્લા કલેકટરોને મુખ્ય સચિવે આગાહીને ધ્યાને રાખીને સંભવિત જોખમ સામે એલર્ટ રહેવા સૂચન કરીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરાયેલી આગોતરી તૈયારીઓની સમીક્ષા કરી હતી. તેમણે વિવિધ જિલ્લાઓમાં આવેલા ડેમના જળસ્તર અને તેમાં વરસાદી પાણીની આવક અંગે વિગતવાર માહિતી મેળવી હતી. જરૂર જણાયે ડેમોમાંથી પાણી છોડવા અને નીચાણવાળા વિસ્તારોમાં આવેલા ગામોને અગાઉથી જ એલર્ટ કરવા જણાવ્યું હતું.**

**પ્રવર્તમાન વરસાદની પરિસ્થિતિને ધ્યાને લઈ મુખ્ય સચિવે જિલ્લા અને તાલુકા વહીવટી તંત્રના તમામ અધિકારી-કર્મચારીઓને હેડક્વાર્ટર ખાતે ફરજ પર હાજર રાખવા પણ સૂચના આપી હતી. સાથે જ, રાજ્યના વિવિધ સ્થળો ખાતે મુકવામાં આવેલી NDRF અને SDRF ટીમોની માહિતી મેળવીને રેડ એલર્ટવાળા જિલ્લાઓમાં જરૂર જણાયે વધુ ટીમ ડીપ્લોય કરવા તેમણે સૂચના આપી હતી.**

**અત્રે ઉલ્લેખનીય છે કે, સંભવિત વરસાદની પરિસ્થિતિને ધ્યાને રાખીને કોઇપણ કટોકટીને પહોંચી વળવા રાજ્યના વિવિધ જિલ્લામાં ૧૨ NDRF અને ૨૦ SDRFની ટીમો**

**ડીપ્લોય કરવામાં આવી છે. જ્યારે, એક NDRFની ટીમને વડોદરા ખાતે રીઝર્વ રાખવામાં આવી છે.**

**-------------------------------------------------------------------------------------**

## કચ્છમાં વહીવટી તંત્ર સજ્જ બન્યું

**આવતીકાલે ઉત્તર ગુજરાતના વિવિધ જિલ્લાઓની સાથે કચ્છ જિલ્લામાં પણ રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.**

**બંગાળની ખાડીથી શરૂ થયેલું હળવું દબાણ હવે કચ્છમાં ડિપ્રેશનમાં ફેરવવાની શક્યતા તેમજ અન્ય સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમને પગલે આવતીકાલે રવિવારે કચ્છમાં અતિભારે વરસાદ થવાની સંભાવના વચ્ચે જીલ્લા વહીવટીતંત્ર કોઇપણ પરીસ્થિતિને પહોંચી વળવા સજ્જ બન્યું છે.**

**ભુજ નજીક માધાપર યક્ષ મંદિર પાસે NDRFની ટીમને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. NDRFના 30 સભ્યો અને તેમના અધિકારીઓ સાથેની ટીમ બચાવ કામગીરી માટેની તમામ જરૂરી સામગ્રી સાથે સ્થાઈ થયેલી છે.**

**-------------------------------------------------------------------------------------**

## જિલ્લા વહીવટી તંત્રની અપીલ

**અતિભારે વરસાદની આગાહીને પગલે જિલ્લામાં આવેલ વિવિધ નહેરો, ડેમો સાઇટ્સ, તળાવો, પાણી ભરાઇ રહેતા વિસ્તારો, ડિપ-વે, કોઝ-વે, પાપડી, દરિયા કિનારાના વિસ્તારો વગેરેની નજીક નાગરિકોએ ન જવા, પાણીમાં ન્હાવા ન પડવા કે તેમાં ઉતરવાનું સાહસ ન ખેડવા તેમજ ધાર્મિક મેળાવડા, ઉત્સવો સંદર્ભે આવા સ્થળોએ સાવચેતી દાખવવા કચ્છ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જાહેર જનતાને અનુરોધ કરવામાં આવ્યો છે.**

**-------------------------------------------------------------------------------------**

## વિવિધ તાલુકાઓમાં વરસાદ

દરમિયાન, પૂર્વ કચ્છમાં રાપર, ભચાઉ અને ગાંધીધામ તાલુકામાં વરસાદી માહોલ જામ્યો છે.

રાપર શહેર ઉપરાંત ખડીર દ્વીપ સમૂહમાં પણ ગાજવીજ સાથે વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ખડીર વિસ્તારના રતનપર, કલ્યાણપર, જનાણ, અમરાપર, ધોળાવીરા, ખારોડા અને બાંભણકા સહિતના ગામોમાં રાત્રે અઢીથી ચાર ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. હમીરપર, ગેડી, ફતેહગઢ, ધબડા, સલારી, આડેસર, મોડા, સણવા અને પલાંસવા સહિતના વિસ્તારોમાં પણ સારો વરસાદ નોંધાયો છે. આજે બપોરે પણ રાપર તાલુકામાં જોરદાર વરસાદી ઝાપટા પડ્યા હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. ભુજ અને અંજાર તાલુકામાં પણ આજે બપોર બાદ વરસાદ શરુ થયો છે.

જીલ્લા કંટ્રોલ રૂમ પાસેથી અમને મળેલી વિગતો મુજબ, અત્યારે સાંજે ૬ વાગ્યે પુરા થતા ૧૨ કલાક દરમ્યાન રાપરમાં ૪૦ મીલીમીટર, ભચાઉમાં ૩૬, ભુજમાં ૧૦, ગાંધીધામમાં ૮ અને અંજારમાં ૫ મીલીમીટર વરસાદ નોંધાયો છે.

------------------------------------------------------------------------------------------

## આવતીકાલે મોટા યક્ષના મેળાનો પ્રારંભ

મીની તરણેતર તરીકે પ્રખ્યાત મોટા યક્ષના મેળાનો આવતીકાલે પ્રારંભ થશે. વરસાદના ઓછાયા વચ્ચે પણ મેળાનો ઉત્સાહપૂર્વક ધમધમાટ જોવા મળી રહ્યો છે.

સાંસદ વિનોદ ચાવડા, જીલ્લા પંચાયતના અધ્યક્ષ જનકસિંહ જાડેજા સહિતના અગ્રણીઓ દ્વારા આવતીકાલે સવારે ૧૧ વાગ્યે મેળાને ખુલ્લો મુકવામાં આવશે. મેળામાં ધ્વજારોહણ, વાઘા શણગાર, સંતવાણી ઉપરાંત, કચ્છ-સૌરાષ્ટ્રના મલીઓનો બખ મલાખડો, સ્નેહમિલન, સહિતના કાર્યક્રમો યોજાશે. વરસાદી આગાહીના ઉચાટ વચ્ચે સહેલાણીઓ અને સ્ટોલધારકોને મેળામાં રંગત આવશે તેવી આશા છે.

મેળામાં કેન્દ્ર સરકારની ૧૧ વર્ષની સિદ્ધિઓને ઉજાગર કરવા માહિતી અને પ્રસારણ મંત્રાલયના કેન્દ્રીય સંચાર બ્યુરો, ભુજ દ્વારા મલ્ટીમીડિયા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રદર્શનને સાસંદ વિનોદ ચાવડા દ્વારા ખુલ્લુ મુકવામાં આવશે.

આ મલ્ટીમીડિયા પ્રદર્શનમાં એક જ સ્થળેથી સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓ તેમજ અભિયાનો અંગેની જાણકારી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. જેનો વધુને વધુ લાભ મેળવવા કેન્દ્રીય સંચાર બ્યુરો, ભુજના અધિકારી કે આર મહેશ્વરી દ્વારા અપીલ કરવામાં આવી છે.

યક્ષના મેળામાં આવનાર શ્રધ્ધાળુઓ મેળો માણી શકે તથા સરળતાથી ટ્રાફિક નિયમન થઈ શકે તે માટે જિલ્લા મેજિસ્ટ્રેટ આનંદ પટેલ દ્વારા ૦૭ થી ૧૦ સપ્ટેમ્બર દરમ્યાન નખત્રાણાના વિરાણી ફાટકથી દેશલપર- વાંઢાય સુધીના રસ્તા તથા મંગવાણા પલીવાડથી યક્ષ ત્રણ રસ્તા બાજુ આવતા રસ્તા પર ભારે વાહનોની અવર જવર પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

દરમ્યાન, ભુજ તાલુકાના માધાપર ખાતે આવેલા નાના યક્ષ ખાતે પણ આજથી ત્રિદિવસીય લોકમેળાનો પ્રારંભ થયો છે.

---------------------------------------------------------------------------------------

## ગણેશોત્સવનું સમાપન

આજે અનંત ચૌદશનાં પર્વ સાથે દસ દિવસથી ઊજવાતા ગણેશોત્સવનું સમાપન થઇ રહ્યું છે. કચ્છમાં મોટાભાગે પાંચ કે સાત દિવસ આ ઉત્સવ ઉજવાય છે. જયારે, મરાઠી સમાજ તેની દસ દિવસ ઉજવણી કરે છે.

આવતીકાલે ભાદરવી પૂનમ સાથે અંબાજીનો પ્રાગટ્ય ઉત્સવ ઉજવાશે. જોગાનુજોગ આવતીકાલે ખગ્રાસ ચંદ્ર ગ્રહણ પણ થશે.

---------------------------------------------------------------------------------------

## વન વિભાગ

રાપર તાલુકામાં વન વિભાગ દ્વારા ચાલુ વર્ષે અલગ અલગ યોજના હેઠળ **55** હજાર જેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે તેમ મોટી રવ ખાતે ઉજવાયેલા તાલુકા કક્ષાના **76**મા વન મહોત્સવ પ્રસંગે જણાવાયું હતું.

**રાપરના ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં વન વિભાગ દ્વારા માહિતી આપવામાં આવી હતી કે, ચાલુ વર્ષે ગ્રામવન યોજના હેઠળ 16,983, રોડ સાઇડમાં 8 હજાર અને વન કવચ યોજના હેઠળ 30 હજાર મળી 55 હજાર જેટલા રોપાનો ઉછેર કરવામાં આવ્યો છે.**

------------------------------------------------------------------------------------------